# મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતેના રવી ઋતુના શાકભાજી પાક સંવર્ધનના અખતરાઓનું મોનીટરીંગ

ગુજરાત રાજયની ચારેય કૃષિ યુનિવર્સિટીના મુખ્ય કેન્દ્રો તથા પેટા કેન્દ્રો ખાતે તાંત્રિક કાર્યક્રમ મુજબના જુદા જુદા શાકભાજીમાં પાક સંવર્ધનના અખતરાઓ લેવામાં આવે છે. વિવધિ કેન્દ્રો ખાતે લેવામાં આવેલ અખતરાઓનું સુચારુ આયોજન અને મોનીટરીંગ માટે યુનિવર્સિટીના વૈજ્ઞાનિકશ્રીઓની ઋતુ મુજબની ટીમ બનાવવામાં આવેલ હોઇ તે અંતર્ગત મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્ર, આકૃયુ, આણંદ ખાતેના રવી ઋતુમાં લેવામાં આવેલ અખતરાઓના મોનીટરીંગ અર્થે શાકભાજી સંશોધન યોજના, સરદાર કૃષિ નગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના ડૉ. એન. બી. પટેલ (સહ પ્રાધ્યાપક), ડૉ. કે. એન. પ્રજાપતિ (મદદનીશ પ્રાધ્યાપક) તથા વનસ્પતિ જનીન વિધા અને પાક સંવર્ધન વિભાગ, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી ના ડૉ. આર. કે. પટેલ (પ્રાધ્યાપક અને વડા) દ્વારા તા.૨૫/૧૨/૨૦૨૪ ના રોજ રાજય કક્ષાના જુદા જુદા શાકભાજી પાકોના અખતરાઓનું મોનીટરીંગ કરેલ. સૌ પ્રથમ મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્રના વડાશ્રી ડૉ. આર. આર. આચાર્ય, સંશોધન વૈજ્ઞાનિક(શાકભાજી) દ્વારા મોનીટરીંગ અર્થે આવેલ સરદાર કૃષિનગર તથા નવસારી કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકશ્રીઓનું સ્વાગત કરેલ તેમજ કેન્દ્ર ખાતે લેવામાં આવેલ રાજય કક્ષાના શાકભાજી પાકોના અખતરાઓની વિસ્તૃત માહિતી આપેલ. મોનીટરીંગ ટીમમાં આણંદ કેન્દ્રના ડૉ. એન. એ. પટેલ, ડૉ. એમ. એમ. પંડયા અને શ્રી કે. જે. વેકરીયા વગેરે વૈજ્ઞાનિકશ્રીએ રીંગણ પાકના ત્રણ, ટામેટી પાકના બે, મરચી પાકના બે, ધાણા પાકના બે અને શકકરીયા, ચેરી ટામેટી, પાપડી, મેથી તેમજ ભીંડા પાકના એક આમ કુલ ૧૪ રાજય કક્ષાના અખતરાઓનું મોનીટરીંગ કરેલ. ડૉ. વિપુલ કાપડીયા તથા ડૉ.પાર્થ રહેવાર દ્વારા મોનટરીંગ ટીમનું પ્લાનિંગ અને સંકલન કરવામાં મદદ કરવામાં આવેલ.















